વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૨, અંક : ૮, ઓક્ટોમ્બર - ૨૦૧૧
છુટક નકલ કિંમત રૂા.૫-૦૦



શ્રી હરિકૃષ્ણ મહારાજ
વડતાલ

## વડતાલધામને આંગણે
## પ.પૂ. અથાણાવાળા સ્વામીની સ્મૃતિમાં



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ

# સુવર્ણ શિખર અવસર



પ.પૂ.સદ્. પુજારી શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી

**પ્રગટ સ્વરૂપે બિરાજતા ઉપાસ્ય સ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવના અમૂલ્ય સુવર્ણ શિખરમાં સેવાનો અવશ્ય લાભ લેવા વિંનતી**

## સુવર્ણ શિખરના અલભ્ય લાભો

### સુવર્ણ શિખરના મુખ્ય યજમાનશ્રી
રૂા. ૫૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એકાવન લાખ)

### સુવર્ણ શિખરના સહયજમાનશ્રી
રૂા. ૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ લાખ)

## સુવર્ણ શિખરમાં આવતી ઘુંમટીઓ

| | | |
|---|---|---|
| (૧) ૮ નંગ. મોટી ૧ ઘુંમટીના | રૂા. ૧૧,૦૦,૦૦૦/- | (રૂપિયા અગિયાર લાખ) |
| (૨) ૮ નંગ. મીડીયમ ૧ ઘુંમટીના | રૂા. ૫,૦૦,૦૦૦/- | (રૂપિયા પાંચ લાખ) |
| (૩) ૪૮ નંગ. નાની ૧ ઘુંમટીના | રૂા. ૨,૫૧,૦૦૦/- | (રૂપિયા બે લાખ એકાવન હજાર) |
| (૪) ૧૬ નંગ. સૌથી નાની ૧ ઘુંમટીના | રૂા. ૧,૫૧,૦૦૦/- | (રૂપિયા એક લાખ એકાવન હજાર) |
| (૫) ૧ ફુટ x ૧ ફુટના | રૂા. ૧૧,૦૦૦/- | (રૂપિયા અગિયાર હજાર) |
| (૬) ૦.૫ ફુટ x ૦.૫ ફુટ ના | રૂા. ૫,૦૦૦/- | (રૂપિયા પાંચ હજાર) |

**આશરે એસ્ટીમેન્ટ - ૪.૫ થી ૫ કરોડ સુધી**

**નોંધ :** આ અવસર પર આર્થિક રીતે સેવા કરનારને વડતાલ મંદિરની પાકી પહોંચ (પાવતી) આપવામાં આવશે.

સંપર્ક :- પુરાણી સ્વામી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી (અથાણાવાળા) - 09374532109, પ.પૂ. સંતસ્વામી - 09427548087,
પૂ. લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી - 08511151703, પ.પૂ. શા. હરિપ્રકાશદાસજી સ્વામી - 08511151702

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

**सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री**

श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी

संस्थान : वडताल - पीन : ३८७ ३७५



आचार्य जा. र. नं. ૫૨/૨૦૫૮

ता. ૧૪-૦૬-૨૦૧૧

પ.ભ. પુરાણી સ્વામી શ્રીવિષ્ણુપ્રકાશદાસજી

આપના મંડળ દ્વારા અ.નિ.સ.ગુ. સ્વામી શ્રીકૃષ્ણજીવનદાસજી (અધાણાવાળા સ્વામી) ની સ્મૃતિ માં વડતાલધામ માં પ્રગટ બિરાજતા શ્રી હરિકૃષ્ણમહારાજ શ્રીરાધાકૃષ્ણ દેવ ના શિખર ને સુવર્ણ થી મંડિત કરવાનો જે શુભ સંકલ્પ કરેલ છે તે જાણી ને અમો ને ખૂબ આનંદ થયો છે. આથી સર્વે ભક્તજનો ને ભલામણ કરીયે છીયે કે સુવર્ણ શિખર ની સેવાનો અવસર જ્યારે શ્રી હરિ ની કૃપા થી પ્રાપ્ત થયો હોય ત્યારે આ શુભકાર્ય માં સર્વ પ્રકારે સેવા કરી મહારાજ નો રાજીપો પ્રાપ્ત કરશો.

રાકેશપ્રસાદ

આચાર્ય મહારાજશ્રી



## કિંચિત નિવેદન.

સ્વયં અક્ષરધામાધિપતિ પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પોતે જ પૃથ્વી પર વડતાલમાં "પ્રત્યક્ષ શ્રી હરિકૃષ્ણ મહારાજ" એવા નામે મુળ સ્વરૂપે બિરાજે છે. એજ મંદિર, એજ શિખર ને અમારા ગુરૂ પુજ્ય પુરાણી સ્વામી કૃષ્ણજીવનદાસજી, અધાણાવાળા સ્વામીની સ્મૃતિમા સુવર્ણ મંડીત કરવા નક્કી કર્યું છે તો સર્વે સંતો, ભક્તો અને પુજ્ય આચાર્ય મહારાજના આશિર્વાદથી એ સેવાનો અવસર અમને મળ્યો છે. તો સેવામા સાથ સહકાર આપી જીવન અને લક્ષ્મી ને ધન્ય કરવા નિમિત બનો એજ અભ્યર્થના

લી. પુરાણી વિષ્ણુપ્રકાશદાસ તથા સર્વે સંત મંડળના જય સ્વામિનારાયણ

Web Site :
**www.vadtalmandir.org**

E-mail address :
**vsm@vadtalmandir.org**
**vsm191@yahoo.co.in**

## Subscription

(india)
1 year ₹. 50
Lifetime ₹. 500,
For Other Countries
(airmail) ₹. 6750
(lifetime)


**Year - 2**
**Volume - 8**
**October - 2011**




॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# Shree Vadtaldham Satsang

### રાગ : ગરબી

દિવાળી આવી રે, આજ મારે દિવાળી આવી; આજ૦ ટેક.
પૂજીએ કૃષ્ણ કમળમુખ સજની, પ્રીતે પધરાવી રે...આજ મારે-૧
મંદિરિયામાં ચોક પૂરાવો, મોતીડાં મંગાવી રે...આજ મારે-૨
કેસર ચંદન ચરચીને, લીજે વારણાં વધાવી રે...આજ મારે-૩
પ્રેમાનંદના નાથની મૂર્તિ, અંતરમાંહી ભાવી રે...આજ મારે-૪




ONWER : Vadtal Temple Managing Trusty Board, Vadtal. PUBLISHER, PRINTER & EDITOR : Chief Execucative Kotharishree Shastri Swami Nilkanthcharandasji Guru Swami Harijivandasji For Vadtal Temple Managing Trusty Board ,Vadtal. PUBLISHED AT & PRINTING PRESS : Shree Laxminarayandev Offset. Shree Swaminarayan Mandir AT & POST : Vadtal TA.Nadiad, Dist.Kheda (Guj) - Pin-387375, Ph.(0268) 2589728,776.

# નૂતન વર્ષાભિનંદન



વ્હાલા ભક્તો ! કારતક સુદ-૧ થી શરૂ થતાં નૂતન વર્ષના આપ સૌને વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવના ચરણકમળ સમીપેથી જય શ્રી સ્વામિનારાયણ.

વ્હાલા ભક્તો ! હિન્દુ સનાતન સંસ્કૃતિનો વર્ષાન્તે આવતો ઉત્સવ કહેતા દિપોત્સવ અતિ ઉમંગભેર મનાવવામાં આવે છે. સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ દિપોત્સવમાં અન્નકૂટ આદિક ઉત્સવો કરીને સૌને ભક્તિરસમાં તરબોળ કર્યા છે. આપણા સંપ્રદાયમાં શ્રીજી મહારાજે ઉત્સવ સમૈયા આદિક અત્યાધિકપણે ઉજવીને સંપ્રદાયને ઉત્સવપ્રિય સંપ્રદાયનું બીરૂદ અપાવ્યું છે. શ્રીહરિએ મોક્ષમૂલક સંપ્રદાયની અંદર જીવ પ્રાણીમાત્રનું સહેજે સહેજે કલ્યાણ કર્યુ છે. સાથોસાથ આજ્ઞાપાલન કહેતા નિયમ, નિશ્ચય અને પક્ષની દૃઢતા રાખવાની ટકોર પણ કરી છે. મહારાજે તમામ આશ્રિતોને દૃષ્ટાંત આપતા જણાવ્યું છે કે જેમ રોજ રોજનું નામું લખવામાં આવે તો પાછળથી કઠણ ન પડે તેમ અમારા આશ્રિતો એ પણ વર્ષો વર્ષનો સરવાળો કરી રાખવો જોઈએ કે પાછલા વર્ષોમાં ભગવાન પ્રત્યેની ભક્તિમાં ઉત્તરોત્તર કેટલો વધારો થયો છે તેની તપાસ કરતા રહેવી, મનની આગળ ક્યારેય પણ જીવે હારવું નહીં. તથા શૂરવીર થઈને મહારાજ તથા પરમહંસો ધ્વારા સ્થાપિત મૂળ સંપ્રદાયની શાનમાં ક્યારેય પણ ઘટાડો ન થાય તેની કાળજી રાખી સત્સંગમાં આગળ વધવું આદિક અનેક બાબતો શાસ્ત્રોમાં સંતો પાસેથી વર્ણવી છે. માટે વ્હાલા ભક્તો નૂતન વર્ષમાં જ્યારે આપણે પ્રવેશ કરતા હોઈએ ત્યારે અમારી આપ સૌ ભક્તોને ભલામણ છે કે શાસ્ત્રોનો યથાશક્તિ અભ્યાસ કરીએ, નિયમતિપણે સત્સંગમાં જ સંત સમાગમ વડે મહારાજનો મહિમા વિશેષપણે કેમ વધે તેની તકેદારી રાખી આગળ વધવું જેથી મહારાજ રાજી થાય.

મૂળ સંપ્રદાયને વિશે નિષ્ઠા ધરાવતાં તમામ વ્હાલા ભક્તોને અમારા અંતરના નૂતન વર્ષાભિનંદન તેમજ આવતું વર્ષ આપના સમગ્ર કુટુંબ પરિવારને માટે યશસ્વી નીવડે. આપ સર્વને સુખ શાંતિ તેમજ આરોગ્ય આપનારૂં બની રહે તેવી વડતાલમાં પ્રગટપણે બીરાજતા શ્રી હરિકૃષ્ણમહારાજના ચરણ કમળમાં અંતરથી પ્રાર્થના કરીએ છીએ.

વિશેષમાં આગામી કારતક માસમાં વડતાલમાં સ્વયમ્ શ્રીજીમહારાજ ધ્વારા પ્રતિષ્ઠિત દેવોનો પાટોત્સવ અતિ ધામધૂમથી ઉજવવામાં આવનાર છે ત્યારે તમામ ભક્તજનોને કારતક માસ શ્રીજીમહારાજ ધ્વારા બાંધેલા સમૈયામાં હાજરી આપવાની આપસૌ ભક્તજનોને ભલામણ કરીએ છીએ.

શુભાશિર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ.

આચાર્ય મહારાજશ્રી



# નૂતન વર્ષાભિનંદન

સર્વાવતારી શ્રી હરિકૃષ્ણ મહારાજને વ્હાલા દેશ-વિદેશમાં નિવાસ કરીને રહેલા તમામ હરિભક્તો.

આરાધ્ય ઈષ્ટદેવ વરતાલ વિહારી સર્વોપરી શ્રી હરિકૃષ્ણ મહારાજના નિર્ભય ચરણકમળ સમીપથી આપ સર્વને હરઘડી યાદ કરનાર શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસજીના ખૂબ હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ સહ નૂતનવર્ષાભિનંદન વાંચશો.

આપ સર્વેને નવા વર્ષે દૂર રહ્યા થકા પણ યાદ કરી આનંદ થાય છે કારણકે, તમે આ સત્સંગને પોતાનો પરિવાર માન્યો છે માટે જ આપ સહુ દૂર રહ્યા થકા પણ વરતાલમાં વિરાજમાન ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ અને લક્ષ્મીનારાયણ આદિક દેવોની ખૂબ પ્રેમથી તન-મન અને ધનથી સેવા કરો છો. તમારી સમર્પિત કરેલી સેવાઓથી થતાં વરતાલના કાર્યોથી મહારાજ તમારી ઉપર ખૂબ જ રાજી છે. આપ જેવા મહારાજના હૈયાના હાર સમાન અને અમને હરઘડી યાદ આવતા આપ સહુ સેવા-ભાવી ભક્તો માટે મંગલમય પ્રભાતથી પ્રારંભ થતું નૂતન વર્ષ તમારા પરિવારમાં પરસ્પર સંપ, સ્નેહ, સમૃદ્ધિ અને સુહૃદભાવ વધારવાવાળું નીવડે, તેમજ આપ સર્વેને શ્રીહરિ, આચાર્ય મહારાજશ્રી, શ્રીહરિના હૃદયસમાન તેમના સંતો તેમજ વડીલોની સેવા કરી ઈષ્ટદેવની વધુ પ્રસન્નતા પ્રાપ્ત કરાવવાવાળું થાય.

શ્રીહરિની મૂર્તિમાં નવલો નેહ તેમજ નિષ્ઠા વધતી રહે સાથોસાથ આપ સહુભક્તજનો ઉપર વરતાલ વિહારીની અમીદૃષ્ટિ સદાય રહે અને આપ સહુનું જીવન ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યયુક્ત એકાંતિકભક્તિરૂપ પારિજાત પુષ્પથી સુગંધિત બની શુક્લપક્ષના ચંદ્રવત્ આજ્ઞા-ઉપાસનાની દૃઢતાવાળું વિશેષ ને વિશેષ થાય તેવી વરતાલ વિહારી શ્રી હરિકૃષ્ણમહારાજ તથા લક્ષ્મીનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

લી. શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસ

ના જય સ્વામિનારાયણ વાં.

**લી. વડતાલ ટેમ્પલ બોર્ડ વતી**

**ચેરમેન શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસના**

**જય શ્રી સ્વામિનારાયણ સહ નૂતન વર્ષાભિનંદન.**



# નૂતન વર્ષાભિનંદન

તા. ૨૬-૧૦-૨૦૧૧ ના રોજ શરૂ થતા નૂતન વર્ષના નવલા પ્રભાતે એક નવા વિચાર તથા નવુ જીવન અને નવી પ્રેરણા લઈને આપના જીવનનો સૂર્ય ઉદય થાય અને જીવનમાં પ્રકાશ પાથરે તથા પર્વત જેવુ અડગ, એવરેસ્ટ જેવું ઉંચુ, ચંદ્ર જેવું શીતળ, સૂર્ય જેવું પ્રકાશમાન, ચંદન જેવું શિતળ અને સુગંધી તથા ફૂલ જેવું ફોરમનું અને ગંગા જેવું પવિત્ર જીવન બને તેમજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભક્તિ ઉદય થાય. તેમજ આપના કુટુંબમાં સંપ, સુખ અને સંપત્તિ સાથે દિવ્યજીવન બનાવે તેવી વડતાલવિહારી હરિકૃષ્ણ મહારાજના તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવના ચરણમાં પ્રાર્થના.

દર પૂનમે આવતા દર્શનાર્થીના સર્વે મનોરથ વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવ પૂરા કરે તેમજ વર્ષ દરમિયાન જે કોઈ ભક્ત દર્શન કર્યા હોય તે દરેક ભક્તનો મનોરથ ભગવાન પૂરા કરે તેમજ તેમનું કલ્યાણ કરે તેવું વડતાલવાસીના ચરણમાં પ્રાર્થના.

**લી. મુખ્ય કોઠારીશ્રી**

**પ.પૂ.સ.ગુ. શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી - વડતાલ**





# સાવધાન ભોગવાદના વાયરાથી

મુખ્ય કોઠારી શ્રી નિલકંઠચરણદાજી સ્વામી, ગુરુ શ્રી હરિજીવનદાસજી સ્વામી

અત્યારના જમાનામાં અતિ તિવ્ર વેગથી ભોગવાદનો વાયરો વાઈ રહ્યો છે, આ ભોગવાદનો વાયરો સૌને પોતાના વેગમાં ખેંચી જાય છે, આ વાયરાના વેગ ભોગવાદ ના વાયર સાથે દોડી રહ્યા છે તેમાં ભણેલાંતો અતિ વેગથી દોડી રહ્યા છે તેની સાથે અભણ પણ દોડી રહ્યા છે તેમાથી ડાહ્યો માણસ ઉભો રહી આંખ ખોલે છે અને જુએ છે કે હું દોડી રહ્યો છું તે રસ્તોતો સાચો છે કે નહિ જો ખોટે રસ્તે આમને આમ દોડતો રહીશ તો થાકી જાઈશ અને મૃત્યુ પામીશ તેથી તે ઉભો રહી આંખો ખોલી અવલોકન કરે છે આ દિશાતો બરાબર છે ને ? ડાહ્યો માણસ વિચારે છે કે સૌ દોડે એટલે મારે પણ દોડવાની જરૂર નથી જેમ તળાવની પાળ તૂટી જાય અને પાણી ચારે બાજુ વેગ પૂર્વક વહેવા માંડે છે તેમ સંયમની પાળ તૂટી ગઈ છે અને ભોગવાદના ધસમસ પુર ચારે બાજુ વહી રહ્યા છે કોઈ સલામત સ્થાને ઉભા રહીને આ ધસમસતા પૂરના વેગને તથા તેમના સ્વરૂપને સમજવાનો ચાલો આપણે પ્રયત્ન કરીએ.

ભોગવાદ એટલે એવી વિચારધારા જેમાં સુખ ઉપભોગને જ જીવનનું લક્ષ્ય માનવામાં આવે છે. ભોગવાદીઓનું જીવનસુત્ર છે. ખાઓ, પીઓ અને મોજ કરો (Eat - drink and enjoy) આ વિચારધારા નો પ્રારંભ માત્ર વર્તમાન કાળમાં જ થયો છે પરન્તું પહેલા કયારેય આવી વિચારધારા હતી જ નહિ. હમણા હમણા પશ્ચિમ દેશના ભોગવાદના વાયરાથી ભારતીયો પણ ખેંચાવા લાગ્યા છે

હવે આપણને પ્રશ્ન એ થાય છે કે ભોગવાદ એટલે શું ? તો તેનો જવાબ છે કે પાંચ જ્ઞાનેન્દ્રિયો આંખ, કાન, નાક, જીભ તથા ત્વચા આં પાંચ ઈન્દ્રીયોને વિચાર વિવેક અને સંયમ વિના પંચ વિષયોને છુટ થી ભોગવવા અને તેમાં જ રચ્યા પચ્યા રહેવુ તેને કહેવાય ભોગવાદ આવા ભોગવાદીઓ એવું માને છે કે સુખ માંણવું તે જ જીવનનો હેતુ છે અને સુખદ સંવેદનોમાં રચ્યા પચ્યા તેમાજ જીવનની ઈતિશ્રી છે જો ભોગવાદીની વિચાર સરણી સાચી હોય તો માનવ અને પશુ માં શું ફેર ? પશુ પણ સુખ ભોગવે છે અને માનવ પણ જો કેવળ સુખ ભોગથી જીવનની કૃતાર્થતા હોય તો માનવ પણ પશુતાની જેમ બધ્ધ છે, માનવ ગમે તેટલો સભ્ય હોય, બુદ્ધિમાન હોય પણ જો કેવળ ભોગવાદને જ જીવનનો ઉદ્દેશ સમજે અને તે પ્રમાણેજ જીવે તો તે પશુ છે સો વાર પશુ છે, ભર્તુહરિએ કહ્યું છે

આહાર નિદ્રા ભય મૈથુનં ચ સામાન્યમેતત્ પશુભિર્નરાણામ્ ।<br>
ધર્મો હિ તેષામધિકો વિશેષઃ ધર્મેનહિના પશુભિઃ સમાનઃ ॥

આહાર, ઉંઘ, ભય અને મૈથુન આ બધુ માનવ અને પશુ માં સમાન રૂપે છે પરન્તું ધર્મ માનવમાં વિશેષ છે અધિક છે તેથી ધર્મહિન માનવ પશુ સમાન છે આવા એક પશુંની વાત તા. ૧૩/૧/૨૦૧૧ ના રોજ દિવ્યભાસ્કર માં આવેલી સગા બાપે પોતાની ૧૦ થી ૧૨ વર્ષની પુત્રી ઉપર અનેકવાર બળાત્કાર કર્યો આવા પશુઓની રોજ રોજ વાતો પેપરમાં આવે છે છતાં પણ કોઈની આંખ ઉઘડતી નથી તેનું કારણ ભોગવાદનો જોરદાર વાયરો આંખ ખુલવા દેતો નથી

બીજુ દ્રષ્ટાંત સુરતમાં તા. ૧/૧/૨૦૧૧ ના રોજ નવા વર્ષની ઉજવણી વખતે યુવાનો તથા યુવતીઓ દારૂ પીને તોફાને ચઢીયા પોલીસે તેને પકડીને જેલ ભેગા કર્યા આ છે ભોગવાદનું પરિણામ ઈતિહાસ કહે છે કે કોઈપણ વ્યકિત, સમાજ કે રાષ્ટ્ર અતિ ભોગવાદમાં સરી પડે છે ત્યારે વહેલા મોડા તે વિનાશ પામે છે ભોગાઃ ન ભુકતા વયમેવ ભુકતા – ભોગ ભોગવવા જતા અમે જ ભોગવાઈ ગયા છીએ, આ વિધાન દ્વારા ભર્તુહરિજી આપણા નિત્ય જીવનના મનો વિજ્ઞાન નો એક મૂલ્યવાન સિધ્ધાંત આપે છે. ઈન્દ્રિયોના ભોગ આખરે પરિણામ દુઃખ તરફ દોરી જાય છે, ભોગ દ્વારા આપણે જે શોધીએ છીએ તે ભોગમાં નથી તેથી જ ભોગનું પરિણામ પરિતાપ અને હતાશા જ મળે છે, અતિભોગ માનવીને અતિ પરિતાપ તરફ દોરી જાય છે અતિભોગને અંતે અતિપરિતાપ પામેલા મહારાજ યયાતિ અનુભવ વાણી ભાગવત્માં બોલે છે સાંભળો

ન જાતુ કામઃ કામાનામુખ ભોગેન શામ્યતિ । હવિષા કૃષ્ણવત્મેવ ભૂય એવા વર્ધતે ॥

વિષયોના ભોગથી ભોગવાસના કદી શાંત થતી નથી. પરંતુ આહુતિ આપવાથી જેમ અગ્નિ વધુ પ્રજવલિત થાય છે. તેમ વિષય ભોગથી ભોગવાસના વધુ પ્રબળ થાય છે. માટે સંયમમાં રહીને જીવન ટકાવવા માટે ભોગ ભોગવવા પણ ભોગવાદી બની ભોગ ભોગવવા તેથી ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણ ના ૧૮ માં વચનામૃતમાં કહે છે કે પંચવિષયને સમજયાં વિના જે ભોગવશે અને સાર અસારનો વિભાગ નહિ કરે તે નારદ સનકાદિક જેવો હશે તો તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે. તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમા શું કહેવુ ? અર્થાત બુદ્ધિ ભ્રષ્ટ થાય જ માટે વિષય ભોગવવા માં પણ સાર અસાર નો વિવેક અને સંયમ રાખવો દુનિયા ભોગવાદમાં ભલે તણાતી આપણે તો દુર ઉભા રહીને જોયા કરવાનું દ્રષ્ટા બની ને નિહાળવાનું પંચ વિષય ભગવાનના સંબંધવાળા તેમજ ભગવાનની આજ્ઞા માં રહીને ભોગવવા આપણે દુનિયાના જીવ જયાં જાય છે ત્યાં આપણે નથી જવાનું આપણે તો અક્ષરધામમાં જવાનું છે માટે અતિ ભોગવાદમાં ન ચઢી જવું.



# સંકલ્પો સિધ્ધ કર્યા શ્રીજીએ

સાધુ પ્રેમપ્રકાશદાસજી સ્વામી, ગુરુ શ્રી હરિજીવનદાસજી સ્વામી

એક વખત જુનાગઢમાં મહારાજ દામોદર કુંડે નાવા ગયેલા સાથે કેટલાક બાઈઓ–ભાઈઓ હતા મહારાજ નાહીને બહાર આવી શરીર લુછીને કોરા વસ્ત્રો પહેરીને બેઠા છે બધા ભકતો મહારાજને કાંઈક ને કાંઈક જમવાનું આપે છે એમા એક નાગરબાઈ દુધ લઈને આવ્યા છે અને દુર ઉભા ઉભા સંકલ્પ કરે છે કે મહારાજ મારી પાસે દુધ માગીને પીયે, તો સારુ તેનો સંકલ્પ જાણીને શ્રીજી મહારાજ તરત તેની પાસે ગયા અને કહયુ કે તમે મારા માટે દુધ લાવ્યા છો તે લાવો ત્યા તો બાઈએ કપડામાં સંતાડી રાખેલ દુધનો લોટો મહારાજને આપી પગે લાગીને કહયુ તમે મારો સંકલ્પ જાણી ગયા માટે તમે ભગવાન છો મને કંઠી પહેરાવો ત્યારે મહારાજે તેને કંઠી પહેરાવી ને સત્સંગી કરી પછી મહારાજ દામોદર ભગવાનના દર્શન કરીને જીણાભાઈના દીવાન ખાને પધાર્યા તે દિવસે મહારાજ શેરમાં દરેક હરિભકતોને ઘેર પધરામણી કરીને તેના મનોરથો પુરા કર્યા એમા એક અંબાશંકર અને તેના પત્ની આસ્તિક અને ભાવિક હતા, સ્વામિનારાયણ ભગવાન છે એમ તેણે વાતો સાંભળી હતી, આજ તેણે નકકી કર્યું ભગવાન છે કે નહિ તે ખાતરી કરવી, એમ નકકી કરીને સંકલ્પ કર્યો ભગવાન બધાને ત્યાં જમવા જાય છે તો કાલે અમારે ત્યા વગર આમંત્રણે જમવા આવે, નવી તાંબા કુંડી માગીલીયે, અને નવું પીતાંબર માગે તો ભગવાન ખરા અને આપણે તેના સત્સંગી થવું, આવા ત્રણ સંકલ્પ કર્યો ને સવારે રસોઈ પણ તૈયાર કરી દીધીને વાટ જોવે છે કે હવે શું થાય છે તે જોઈએ બીજી બાજુ સવારે શ્રીજી એ બ્રહ્મચારીને કહયુ કે આજે અમારે ભોજનનું આમંત્રણ છે તે જવા તૈયાર રહેજો ત્યારે બ્રહ્મચારી કહે મહારાજ આજ કોઈનુય નોતરુ નથી ત્યારે મહારાજ કહે તમને ખબર ન હોય પછી મહારાજ બ્રહ્મચારી અને પાર્ષદોને લઈને સીધા અંબાશંકરને ઘેર પહોચ્યા બ્રહ્મચારી અને પાર્ષદો તો વિચાર માં પડી ગયા કે આ અજાણે ઘેર મહારાજ કેમ પધાર્યા હશે ત્યા તો અંબાશંકર અને તેના પત્ની શ્રીજી ને પગે લાગ્યા ને પગે લાગીને પ્રેમથી આવકર્યાને કહયું આમ અમારો સંકલ્પ જાણી પધાર્યા તે અમારા ધન્ય ભાગ્ય છે, પ્રભુ રસોઈ તૈયાર જ છે પધારો જમવા ત્યારે મહારાજ કહે અમે નાહીને જમવા બેસીશું તે સાંભળી બાઈએ તો જુની તાંબાકુંડી ભરીને પાણી આપ્યું, ત્યારે મહારાજ કહે ઘરમાં નવી તાંબાકુડીં છે તે લાવો ત્યારે તે બાઈતો આશ્ચર્યે પામી ગઈ અને ઘરમાં નવી તાંબાકુંડી હતી તેમા પાણી ભરીને આપ્યુ ત્યારે મહારાજ નાહયા, પછી બાઈએ જુનુ પીતાંબર મહારાજને પહેરવા આપ્યુ, ત્યારે મહારાજ કહે પટારામાં નવું પીતાંબર મુકયુ છે તેલાવો અમારે તમારો સંકલ્પ પુરો કરવો છેં, બાઈના મનમાં થયુ પીતાંબર માટે પણ મે સંકલ્પ કર્યો હતો તે આ સહજાનંદ સ્વામી જાણી ગયા પછી તરત પટરામાંથી નવુ પીતાંબર હતુ તે લાવી આપ્યુ તે પહેરીને મહારાજ જમ્યા પછી ઢોલીયે બેઠા તે સમયે બન્ને દંપતી મહારાજના ચરણમાં પડી ગયા અને બોલ્યા, અમોએ આપના ભગવાનપણાની ખાતરી કરવા ત્રણ ત્રણ સંકલ્પ કર્યા હતા તે અમારા બન્ને શીવાઈ કોય જાણતુ ન હતુ તે તમોએ અમારા ત્રણ સંકલ્પો સિધ્ધ કર્યા માટે આપતો સર્વજ્ઞ છો, પરમાત્મા છો હવે અમને આપના સત્સંગી કરો, ત્યારે મહારાજે તે બન્ને ને તથા કુટુંબના સહુને સત્સંગી કર્યા આ રીતે મહારાજે સંકલ્પ સિધ્ધ કરીને પોતાના આશ્રિત કર્યો.

અસ્તુ જય સ્વામિનારાયણ



# ગુના માફ કરતા શીખો

સાધુ ઘનશ્યામજીવનદાસજી સ્વામી, ગુરુ પ.પૂ. સદ્. મુખ્ય કોઠારીશ્રી નિલકંઠચરણદાસજી સ્વામી

માનવી પોતાના ગુણદોષને જોતો નથી. ભૂલો સામે આંખ મીંચામણી પણ કરે છે. આને માટે એક દ્રષ્ટાંતથી સમજીએ બાદશાહ અકબર એકવાર ફરવા નીકળ્યા થોડે ગયા ત્યાં તો લપસી પડયા. સારૂ એવુ વાગ્યુ. પાછા આવતાં ઝાડની ડાળી તૂટીને તેમના પર પડી માથામાં ઈજા થઈ. બાદશાહ ખૂબ જ ગુસ્સે થયા. આજે જ આમ કેમ થયુ ? ત્યાં જ તેમને યાદ આવ્યુ કે સવારમાં ઊઠતા જ સેવક ગુલામનું મોઢું જોયેલુ એટલે જ આમ થયુ. સેવકને બોલાવ્યો અને તેને ફાંસીની સજા ફરમાવી દીધી. બીરબલને આ વાત ની ખબર પડી તેણે સેવકને કાનમાં કાંઈક કહ્યું ફાંસી પર ચડવાનો સમય આવ્યો સેવકને અંતિમ ઈચ્છા પૂછવામાં આવી તો કહે કે મહારાજ, મારૂ મોઢું જોવાથી તો તમે ફકત પડી જ ગયા પણ તમારૂ મોઢું જોવાથી તો મને ફાંસીની સજા થઈ. કોણ અપશુકનિયાળ કહેવાય ? બાદશાહને સત્ય સમજાયુ અને સેવકને છોડી મુકયો.

માનવી સામાજિક પ્રાણી છે. એટલે મનુષ્ય માત્ર ભૂલને પાત્ર પણ કોઈ ખોટુ કર્મ વારંવાર કરવુ અને વારંવાર એની માફી માંગવી એ યોગ્ય નથી. હા ! ખોટુ કર્મ કર્યું માટે માફી માંગવી જરૂરી છે. પણ ફકત માફી માંગવાથી એ કરેલા ખોટા કર્મથી મુકત થવાતુ નથી પણ મુકત ત્યારે થઈએ કે જયારે એ ખોટા કર્મથી માફી માંગતા પહેલા આપણો આત્મા ફરી એ કર્મ બીજીવાર ભૂલથી પણ ન થાય. એવો દ્રઢ સંકલ્પ લે અને એ શ્રેષ્ઠ કર્મ કરવાની દ્રઢતા અને ફરી ખોટુ કર્મ ન કરવાનો અટુટ નિશ્ચય એ દ્રઢ સંકલ્પ સાથે માફી માંગે તો જ એ માફી માંગવી યર્થાથ કહેવાય અને એના જ આત્માને માફી મળે ફકત બુદ્ધિથી જ્ઞાન થવું જ આવશ્યક નથી પરંતુ એ કરેલા ખોટા કર્મ પર વિજય પ્રાપ્ત કરવા પરમાત્માના બળની પણ અતિ આવશ્યકતા છે.

વિચાર કરવા જેવી વાત છે. આજે દુનિયામાં ઘણા એવા પ્રસંગો બને છે જેમાં લોકો ને અન્યની જ ભૂલો દેખાય છે આ સત્ય છે ખરૂ ? શું માનવીનો ચહેરો જોવાથી જ શુભ અથવા અશુભ બની શકે ? ચહેરાને

એટલે જ કદાચ દિલનું દર્પણ કહ્યું છે. આંતરિક અવસ્થાજ ચહેરા પર દેખાઈ આવે છે. કેટલાકને પૂછો કે કેમ છો ? તો કહેશે ઠીક છે ચાલ્યા કરે છે ચહેરો જુઓ તો ઉતરેલી કઢી જેવો હોય. ભૂલને તત્કાળ સુધારવા માટે બે તકો છે અને એ છે એક તો ભૂલ જેની સાથે જેના પ્રત્યે જેના તરફી જે કરી છે. તુરત એની માફી માંગી લેવી અને માંફી માંગ્યા પછી ફરી એ કર્મ રીપીટ ન થાય એનુ સતત સફળતા પૂર્વક ધ્યાન રાખવું અથવા એ વ્યકિતને એ અનુભવ થાય કે તમે તમારી ભૂલને સુધારી લીધી છે. અથવા તો તમારા વર્તનમાં મીઠો ફેરફાર લાવો જેથી એ વ્યકિત તમને સમજી શકે પરંતુ આ બધુ કરતા પહેલા પ્રથમ પોતાના આત્માને પોતાની ભૂલ સમજાવી જોઈએ ન સમજાય તો અનુભવી આત્મા પાસેથી કર્મનું વર્ણન કરી. સારા નરસાનું જ્ઞાન મેળવી ભૂલને સમજવાનો તથા પોતાના આત્માને સમજી અનુભૂતિ કરવાનો પ્રામાણિક પ્રયત્ન કરવો જોઈએ તો આમ કરવાથી ખોટા કર્મનો બોજો નહિ લાગે નહિ તો એ ખોટુ કર્મ કર્યાનો ખટકો સતત કાંટો બની દુઃખ આપશે અથવા બીજાનો અનુભવ કરાવશે અને દરેક ક્ષેત્રની દરેક વાતમાં એકાગ્રતા નષ્ટ કરી નાખશે. વિચારોના પ્રત્યેક વમળમાંથી બહાર નિકળી પ્રત્યેક વિચારોના વિઘ્નોને પાર કરી સ્પષ્ટતા કરી હોવી જરૂરી છે.

ઘણીવાર એવું પણ બને કે સ્પષ્ટતા કર્યા પછી નવું વિઘ્ન શરૂ થાય જેમકે એ વ્યકિતને આપણા માટે માન હોય તો કદાચ આપણો હેતું સાંભળ્યા પછી તે વ્યકિતનું આપણા પ્રત્યેનું માન ઘટી જાય છે અથવા તો ઘટી રહ્યું છે એવી લાગણી અનુભવાય એ વ્યકિતને થોડો વખત પછી કે કાળાન્તરે જરૂર સમજાશે કે મારી સાથે મારી સામે ભૂલ કરનાર વ્યકિતએ પોતાની ભૂલની કબુલાત કરી સચ્ચાઈનો ઉચ્ચ આદર્શ અને સરળતાનો શ્રેષ્ઠ ગુણ મારી સામે ભેટ રૂપે ધર્યા છે તે માટે એની ભૂલને ભૂલી જઈ વધારે ઉમંગ ને ઉત્સાહથી એને વધાવવો જોઈએ.

આધ્યાત્મિક માર્ગે પ્રગતી કરવા સતત જાગૃતિ ની જરૂર છે. અને જયારે વ્યકિત એવા એકાન્તિક સંત સાથે નિષ્કપટ ભાવે જોડાણો હોય તો તેમનું જીવન આધ્યાત્મિક માર્ગે આગળ ને આગળ વધતુ જાય છે

એક વખત દાદાખાચરના દરબારમાં એક ડોશી ચોરી કરીને ભાગી ને પકડાઈ ગઈ દરબારમાં લાવ્યા, મહારાજે દાદાખાચરને આજ્ઞા કરી કે ડોશીનું માથુ કાપી નાખો. ડોશીતો ધ્રુજવા માંડી ને મુખથી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... તેમ ભજન કરતી હતી મહારાજ કહે જલદી માથુ કાપી નાખો. દાદાખાચરે વિચાર કર્યો કે સ્વામિનારાયણનું ભજન કરે છે. તો મારાથી કેમ માથું કપાય મહારાજ કહે દાદા કેમ માથુ કાપતા નથી અરે મહારાજ કોઈએ મારો દિકરો મારી નાખ્યો હોય અને તે તમારૂ ભજન કરતો હોય તો તેની ઉપર મારો હાથ કેમ ઉપડે ને આ ડોશી તો તમારૂ અખંડ ભજન કરે છે. મહારાજ કહે દાદાખાચરને મહિમા કેવો છે. મહારાજ ખૂબ રાજી થયા વ્હાલા ભકતો તેમ આપણે પણ સતસંગમાં યાતો સંસાર વ્યવહારમાં બીજાની ભૂલને ભૂલતા શીખયે, દર ગુજર કરતા શીખયે, માફ કરતા શીખીયે તો જ ભકત સુખ પૂર્વક ભગવાનનું ભજન કરી શકે.



# શરણાગતિ

લેખક - શા. સર્જુવલ્લભદાસ, ગુરુવર્ય : પ.પૂ.શાસ્ત્રીજી સ્વામી (ચેરમેન શ્રી વડતાલ ટેમ્પલ બોર્ડ )



અનેકવિધ માર્ગોમાં અટવાતા મોક્ષમાર્ગના મુસાફરને ઉગારવા તત્ત્વેતાઓએ બે અણમોલ માર્ગ બતાવ્યા ભક્તિ અને પ્રપત્તિ.... મોક્ષમાર્ગના આ સુંદરત્તમ માર્ગોનું એક આગવું વૈશિષ્ટ્ય છે આ બંને માર્ગોનું જેટલું વૈશિષ્ટ્ય છે એટલા જ પ્રબળ છે. ભક્તિ અને પ્રપત્તિને ''અનન્ય'' શબ્દની સજાવટ મળે છે ત્યારે બંને સાધનો અસાધારણ બને છે. અસાધારણ ભક્તિ અને અસાધારણ શરણાગતિ મોક્ષ માટેનું નિર્વિઘ્ન સાધન છે. અન્ય કોઈનો આશરો-આધાર- બળ ન રહે ને એક પરમાત્માનો જ આશરો રહે એનું નામ અનન્ય શરણાગતિ. આવી અસાધારણ શરણાગતિ જ ફળદાયી બને છે.

શરણાગતિ એક એવો પ્રબળમાર્ગ છે. જેના સાગર જેવા વિરાટ ઉદરમાં કામી, ક્રોધી, લોભી, લંપટ, અત્યાચારી, કુકર્મી કે પાપના પહાડો પણ સમાય જાય છે. જગ આખાનું પાપ માથે લેનારાઓને શરણાગતિએ ઉગાર્યા છે. ભવ આખો પાપ કરનારને પાપનો પહાડ સમો મુંઝોસુરો ભગવાન શ્રી સ્વામિનારાયણનો શરણાગત થયા ને તત્ક્ષણ હળવો ફૂલ બન્યો સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ સત્સંગના વર્તમાન ધરાવી મુંઝાસુરાના જીવને પરમાત્માની શરણાગતિ આપી શરણાગતિનો મંત્ર ભણાવ્યો.

काल माया पाप कर्म यमदूतभयादहम् ।

श्रीहरिकृष्णशरणं प्रपन्नोऽस्मि स पातु माम् ॥

ભગવાન જેવા સંતના પરમપવિત્ર સાનિધ્યમાં વરુણદેવની સાક્ષીએ પરમાત્માની શરણાગતિ સ્વીકારી. જમણા હાથમાં ધારેલું જળ પાસે પડેલી પાષાણશિલા પર રેડ્યું જન્માંતરોનાં પાપોનો ભાર સહન ન થતા કાળમીંઢ પાષાણશીલા ફાટી ગઈ. આ છે શરણાગતિના ચમત્કારનો ચમકારો. મુંઝાસુરાના અદ્રષ્ટ-અપૂર્વને શરણાગતિએ દ્રષ્ટિમાન કર્યું જાણે કોઈ પાપ કર્યા જ નથી ! આત્માની પરમશુદ્ધિનો એવો અગમ્ય અનુભવ મુંઝાસુરાને થયો.

'' પૂર્વપાપોનો વિનાશ ને ઉત્તરપાપોનો અશ્લેષ'' એ શરણાગતિની જીવાત્માને અણમોલ ભેટ છે. પાપોના વિનાશની સાથે સાથે પાપવૃત્તિઓનું શમન એ શરણાગતિનું બોનસ છે. નિઃસીમ સાગર જેવા વિરાટ્ ઉદરમાં પાપોના મંદ્રાચળ શરણાગતિએ સમાવ્યા છે. પાપોનો એવો કોઈ પ્રકાર નથી જે શરણાગતિએ ન સમાવ્યો હોય ! સમુદ્ર જેવી વિશાળ ભગવદ્ શરણાગતિએ માત્ર કપટના મડદાઓને જે ફગાવ્યા છે. આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજની નોંધ અહીં પૂરક બને છે.

શરણ આયે સબહી તરે, એક કપટી ન તરે મહારાજ રે....

ધ્રુવ પ્રહ્લાદ તરી ગયે, ના તરે રાવણ રાજ... એક કપટી ન તરે...

જે ક્ષણે પરમાત્માની શરણાગતિ આ જીવાત્મા સ્વીકારે છે તે જ ક્ષણે જન્માત્તરોના વળગેલા પાપ પુંજ જીવાત્માથી અળગા થાય છે. શરણાગત પોતાનું સર્વસ્વ પોતાના સ્વામીને સમર્પિત કરે છે. શરણાગતિની બધી જ

જવાબદારી તેના સ્વામી નિભાવે છે. પવિત્ર સમર્થ સદ્‌ગુરુ સંત થકી વર્તમાન ધરાવી જ્યારે આ જીવ ભગવાનનો શરણાગત થાય છે. ત્યારે ભગવાનની ઈચ્છા એ જ એનું પ્રારબ્ધ બને છે. અનન્ય શરણાગતના સર્વે સંકલ્પો પરમાત્માને અનુકુળ હોય અનન્ય શરણાગત કેવો હોય? પાંચરાત્રાગમનો સુંદર મંત્ર આ દિશામાં આગવો પ્રકાશ પાથરે છે.

आनुकुल्यस्य संकल्पः प्रतिकुल्यस्य वर्जनम् । रक्षिष्यतीति विश्वासः गोमृत्वं वरनं तथा ।

आत्मनिक्षेपकार्पण्ये षड्‌विद्या शरणागतिः ॥

''आनुकुल्यस्य संकल्पः '' સંત તુલસીદાસજીના જીવનનો પ્રેરક પ્રસંગ મુમુક્ષુઓને જબરો બોધ આપે છે. વર્ષાઋતુના દિવસોમાં નદી પાર કરવા માટે તુલસીદાસજી હોડીમાં બેઠા. સાથે બીજા મુસાફરો પણ હતા. નાવીકે હોડી હંકારી, નદીના મધ્યભાગમાં પહોંચતા સુધીમાં તો અચાનક વાતાવરણ પલટાયું. ગગનમાં ગાજ-વિજ સાથે ઝરમર વર્ષા થઈ. નદીનો જળ પ્રવાહ ઘોડાપુરે વહેવા લાગ્યો. હોડી હાલક-ડોલક થવા લાગી. સહું ચિંતાતુર થયા. નાવિકે મુસાફરોને લાલ લાઈટ બતાવતા કહ્યું. આ નૌકાપર મારું નિયંત્રણ રહ્યું નથી હવે પછી શું થશે એ માત્ર જોવાનું જ રહ્યું. કોઈ પોતાના ઈષ્ટદેવને પ્રાર્થના કરવા લાગ્યા, કોઈ રડવા લાગ્યા, કોઈ દિગ્મૂઢ થઈ ગયા, આવા કપરા સમયમાં સંત તુલસીદાસજી કમંડળ વડે નદીનું પાણી હોડીમાં ભરતા હતા કેટલાક લોકોએ આ દ્રશ્ય જોયું. મહાત્માજી પર ક્રોધે ભરાયા. ન બોલવાના શબ્દોના વરસાદ કર્યો. તુલસીદાસજી તો શાંત મને સાંભળી જ રહ્યા. થોડીવારમાં તો ભગવાનની ઈચ્છાથી વાતાવરણ સ્થિર થયું. વાયુની ગતિ સમાન્તર થઈ. નદીનો જળ પ્રવાહ શાંત થયો. સહુ કોઈના વેગીલા શ્વાસો પણ શાંત થયા.

તુલસીદાસજીએ પણ પ્રક્રિયા બદલી નાંખી. હોડીમાં નાખેલું પાણી પાછું નદીમાં ઠાલવવા લાગ્યા. કોઈ સજ્જને પૂછ્યું. શું બપોરના બાર પછી ઉંધાનું છત્તું ને છત્તાનું ઉંધું જ કરો છો ? તુલસીદાસજીએ ખુબ જ શાંત સ્વરે કહ્યું એ સમયે મારા રામની ઈચ્છા હતી કે ''હોડી ડૂબે'' માટે હું નદીનું પાણી હોડીમાં ઠાલવતો હતો ને હવે મારા રામની ઈચ્છા એવી છે. ''હોડી તરે તેથી હોડીનું પાણી બહાર નદીમાં ઠાલવું છું. આ છે ''आनुकुल्यस्य संकल्पः''આ છે સાચા શરણાગતનું ઉત્તમ લક્ષણ. શરણાગતની સર્વોત્કૃષ્ટ અવસ્થાને ઓપ આપતા ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં જણાવે છે. ''સુકુ પાંદડું, જેમ વાયુને આધારે ફરે છે તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહિ. (ગ.પ્ર.૭૪) આ છે શરણાગતની પરમાવસ્થા. ''आनुकुल्यस्य संकल्पः'' શ્રીહરિનું કૃપાવાક્ય એ વાતની પુષ્ટી કરાવે છે. ''પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે એવો જ હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય. '' (વ.૫)

બાહેર ઢમઢોલને માંહે પોલી એવી શરણાગતિ માત્ર જાતને છેતરવા માટે જ કામ આવે છે. મુમુક્ષુએ આનાથી ચેતવું જોઈએ. શરણાગતિ પરમાત્માનું અભેદ્ય સુરક્ષાકવચ છે. શરણાગતિનું રક્ષાછત્ર જેના શિરે છે એનું કાળકર્મમાયા એ ત્રણેય ભેગામળીનેય કશું બગાડી શકતા નથી. જે ક્ષણે શરણું છોડ્યું એ જ ક્ષણે કાળ,કર્મ માયા જીવાત્માને ભરખી જાય છે. આમોદના દિનાનાથ ભટ્ટ પંડિત પ્રવર હતા ભાગવત જેવો ગહન ગ્રંથ ભટ્ટજીને હસ્તામલક હતો. ''विद्यावतां भागवते परीक्षा'' પણ ભટ્ટજીતો ભાગવતના ખેલૈયા હતા. ભગવાન સ્વામિનારાયણના દ્રઢ શરણાગત હતા. કોઈ માંહિલા કુસંગને કારણે મહારાજનું શરણું છોડી દીધું. કંઠમાંથી તુલસીની કંઠી ઉતારી લીધી. શ્રીહરિનું છત્ર હટી ગયું. એજ સમયે એમની દીકરીને ભૂત વળગ્યું. પોતે પવિત્ વિદ્વાન બ્રાહ્મણ, આચરણ પણ અણીશુદ્ધ પરિવાર પણ એટલો જ પવિત્ર, ઘણા પ્રયત્નો કર્યા છતા ભૂત ન નીકળ્યું. સત્સંગી ભક્તોએ કહ્યું, પંડિતજી, મહારાજની શરણાગતિ સ્વીકારો દુઃખમાત્ર શમી જશે. પુનઃ ભટ્ટજીએ મહારાજની શરણાગતિ સ્વીકારીને નચિંત થયા.

શરણાગતિ એ પરમાત્માએ પોતાના ભક્તોની રક્ષા માટે મૂકેલું સુદર્શન ચક્ર છે. આશરામાં પોલાણ ન હોવું જોઈએ. જ્યારે સર્વનો આધાર બળ-તુટે ત્યારે જ પરમાત્માની શરણાગતિ દ્રઢ થાય છે.

સદ્. મુક્તાનંદ સ્વામીએ સ્વપદમાં ગાયું છે.

મેરે કો તુમ એક હી એક આધાર... નાવ કે કાગકી ગતિભઈ મેરી.. જહાં દેખું વહા જલનીધિ ખારા....

આ છે અનન્ય શરણાગતિ. આવી અનન્ય ભગવદ્ શરણાગતિ મુમુક્ષુએ જીવનમાં સદ્‌ગુરુ થકી ઉતારવી રહી.



# અનુભવીને અંતરે રહે રામ વાસ રે, તે બોલે તે સાંભળે દ્રષ્ટિ પ્રકાશ રે...

– સાધુ આત્મદર્શન સ્વામી, ગુરુ પ.પૂ. સદ્. મુખ્ય કોઠારીશ્રી નિલકંઠચરણદાસજી સ્વામી

અનુભવી સંતો પોતાના જીવનમાં ઉપરથી નહીં, ધરમૂળથી પરિવર્તન કરે છે. વૃક્ષના મૂળમાં પાણી રેડાય તો સંપૂર્ણ વૃક્ષ લીલુંછમ બને. પાંદડે પાણી રેડવાથી પાંદડાની ધૂળ ધોવાય પણ વૃક્ષ લીલું ન રહે. અનુભવી સંતો મૂળને પાણી સીંચે છે. એમના પરિવર્તન માત્ર શરીર કે ઈન્દ્રિયોની ભૂમિકાએથી નથી હોતાં. એમના પરિવર્તનો અંતઃકરણની ભૂમિકાએથી હોય છે. 'જો નજર બદલ જાય તો નજારે બદલ જાતે હૈ.' જો વ્યકિત અંદરથી બદલાઈ જાય તો એના માટે સમસ્ત વિશ્વ બદલાઈ જાય. આપણે ઉપર–ઉપરથી ધાર્મિકતાનો ડોળ કરીએ છીએ. જયારે અનુભવી સંતોનો રંગ અંદરનો હોય છે. એમણે માત્ર વસ્ત્રો નથી. બદલ્યાં, એમણે અંતર બદલ્યાં છે.

એક સંત શિષ્યોને ઉપદેશ આપતા હતાઃ 'આપણા જીવન લોકોને સારાં લાગે એવા હોવાં જોઈએ.' ઉપદેશક સંતનો આશય સારો જ હતો. પણ એના ઉપદેશમાં ઊંડાણ નહોતું. આપણે સારું જીવવા માટે સારુ નથી જીવતા. બીજા આપણને સારા ગણે માટે સારું જીવવાનું નાટક કરીએ છીએ. જોકે લોકલાજે પણ જીવન સદાચારી રહેતુ હોય તો કંઈક અંશે આ વાત સારી. પણ આ પરિવર્તન મૂળમાંથી નથી. પરિણામે જીવનમાં આધ્યાત્મિક દ્રષ્ટિએ જેવી ક્રાંતિ થવી જોઈએ તેવી થતી નથી.

આપણે શરીર ઉપર ઓઢેલી ચાદરમાં રામનામ રાખીએ છીએ. બહુ બહુ તો આપણી જીભને ટેરવે રામને રાખીએ છીએ. અનુભવી સંતો અંતરમાં રામ રાખે છે. કાચના ઝુમ્મરમાં દીવો બળતો હોય ત્યારે ઝુમ્મરના એક એક પાસામાં એનો પ્રખશ ઝળહળે તેમ અંતરમાં રામ રમતા હોય તો અજવાળાં રોમેરોમ માંથી પ્રસરે.

તે બોલે તે સાંભળે દ્રષ્ટિએ પ્રકાશ રે...

અનુભવી સંતની જીભેથી બોલે તોય ભગવાન બોલે. અનુભવી સંતના કાનેથી સાંભળે તોય ભગવાન સાંભળે. અનુભવી સંતની આંખોથી જુએ તોય ભગવાન જુએ. એક પ્રશ્ન આપણા અંતરમાં ઊઠે છે – 'રામનો વાસ તો સર્વત્ર છે તો અહીં માત્ર અનુભવી સંતના અંતરે ''રહે રામ વાસ રે...'' કહેવા પાછળ સ્વામીનો આશય શો હોઈ શકે ? પ્રશ્નનું સમાધાન એ છે કે સર્વના હૃદયમાં રામ તો વસે જ છે પણ તે નિવાસ ચાર દિવાલોમાં બંધ ઓરડામાં બળતા દિવા જેવો છે. જીવનાં જાડા આવરણો શિવના ઝીણા પ્રકાશને બહાર પ્રસરવા દેતા નથી. અનુભવી સંતના હૃદયમાં રામ વસે છે તે કાચની દીવાલોવાળા ઓરડામાં ઝળહળતી જયોત જેવા છે. દીવાલો તો ત્યાં પણ છે પણ તે પારદર્શક કાચની છે. સામાન્ય રીતે દીવાલ રેતી કે માટીની જ બનેલી હોય છે. કોઈ કુશળ કારીગર એ જ રીતે માંટીમાંથી પારદર્શક કાચના સર્જન કરે છે.

સંતોએ સાધના કરી પોતાના દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણને કાચ જેવા પારદર્શક કર્યાં છે. બીજા ભાવમાં જોઈએ તો સાચો સાધુ એને કહેવાય કે જે પારદર્શક કાચ જેવા હોય. જેની આંખોમાં ઝાંકવાથી અંતરની કિતાબ વાંચી શકાતી હોય. જયાં દંભ, કપટના કોઈ પરદાઓ ન હોય. કાચની દીવાલની પારદર્શકતા કરતા પણ એક પગલું આગળ વિચારીએ તો સંતને પારદર્શક કે અપારદર્શક આવરણ જ હોતા નથી.

દિવાલો આખરે દિવાલો છે. પછી તે પારદર્શક હોય કે અપારદર્શક. પરબ્રહ્મની અનુભૂતિમાં દીવાલ બાધક બને.

અધ્યાત્મમાર્ગના મર્મીઓ રજ–તમની જાડી દીવાલો તો ભેદી જ નાખે છે સાથે સાથે સત્ત્વગુણમય પારદર્શક પડદાઓ પણ ગાળી નાખે છે. નિર્ગુણ પરબ્રહ્મના સંગથી અનુભવી સંતો નિર્ગુણ બનેલા છે. એના રોમેરોમે જયોતિર્મય છે. એમના વચ્ચે અને પરમાત્મા વચ્ચે પડદાનુ કોઈ અસ્તિત્વ જ નથી. એટલું જ નહીં, બન્ને દુધ–સાકરની જેમ એકરસ બનેલા છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત કહે છે –

ઈન્દ્રિયો અંતઃકરણથી અગોચર એવા પરાત્પર પુરુષોત્તમ નારાયણ જયારે સ્વયં કરુણા કરી પૃથ્વી પર પ્રગટ થાય ત્યારે સદ્‌ગુરુ અને સત્શાસ્ત્રના વચને કરીને એ ભગવાનનો જેને નિશ્ચય થાય અને એ પરુષોતમ નારાયણ ભજન, સ્મરણ, ધ્યાન, ઉપાસના કરે એ ભકતના ઈન્દ્રિયો–અંતઃકરણ પુરુષોત્તમ થઈ જાય છે. આવી અલૌકીક સ્થિતિ થાય ત્યારે સ્વામી કહે છે તેમ 'તે બોલે તે સાંભળે દ્રષ્ટિ પ્રકાશ રે.' હવે સાંભળનારા પણ રામ, બોલનારા પણ રામ અને જોનારા પણ રામ છે.

શુકદેવજી મહારાજ ભાગવતની કથા કરતા હતા. દશમસ્કંધની ભકિતપૂર્ણ કથાનો આરંભ થયો ત્યારે શુકદેવજી મહારાજ ભાવસમાધિમાં લીન થયા. શુકદેવજી મહારાજનાં હૃદયકમળમાં પાંચ વર્ષના ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થયા. ભગવાન શ્રીબાલકૃષ્ણની રૂપમાધુરીનું પાન કરતા કરતાં શુકદેવજીનું હૃદય ગદ ગદ થયું. એમના નેત્રોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી. કંઠ રૂંધાઈ ગયો. શુકદેવજી કૃષ્ણમય બન્યા.

પ્રેમની આ અલૌકિક અવસ્થાએ શુકદેવજીની વાણી મૌન થઈ ગઈ.


પરમાત્માને થયું... 'આ સંત તો ભાવ સમાધિમાં લીન છે, હવે મારી કથા કોણ કહેશે ?

પ્રભુએ નિર્ણય કર્યો : 'મારી કથા હું જ કરીશ'.

મહાપુરુષોને મત છે કે દશમસ્કંધની કથા શુકદેવજીએ નહીં પરંતુ સ્વ્યં શ્રીકૃષ્ણે કરી છે. શુકદેવના રોમેરોમનો કબજો કૃષ્ણે લઈ લીધો છે. શુકદેવ તો કયાંય ઓગળી ગયા છે. હવે બોલે છે તો કૃષ્ણ બોલે છે. સાંભળે છે તો કૃષ્ણ સાંભળે છે અને ઉત્તર આપે છે તો પણ કૃષ્ણ જ આપે છે !

# વ્હાલાનાં વચન

લેખકઃ સાધુ નિર્દોષવલ્લભદાસ, ગુરુવર્ય : પ.પૂ.શાસ્ત્રીજી સ્વામી (ચેરમેન શ્રી વડતાલ ટેમ્પલ બોર્ડ )



ભગવાનનો ભેટો થવાથી અખંડ અપાર અનંત સુખની પ્રાપ્તિ થાય છે અને શ્રીહરિ પ્રસન્ન થઈ અતિશય આનંદમાં આવી પોતે પોતાનું સુખ તત્કાળ આપે છે. પણ એ સુખ ત્યારે જ આપે છે કે જ્યારે તેનાં વચનમાં વર્તાય. અને તેમનું વચન એટલે આજ્ઞા, અનુવૃત્તિ, તે જેમ કહે તેમ કરવું, તેની મરજી.

મુમુક્ષુને સતત આગળ વધવા અને પોતાની મુમુક્ષુતાને પાંગરતી રાખવા માટેની અમૃતસંજીવની જો હોય તો તે છે ભગવાન અને સત્પુરુષનાં વચન.

પોતાનું મન-ગમતું મૂકીને જે ભગવાન કે સંતના ગમતામાં રહે છે તે જ મહારાજને વ્હાલો થઈ શકે છે. અને અલ્પ વચનમાં ફેર પડે તો જાણે મહત્ વચનમાં ફેર પડ્યો એવું જે માનતા હોય તે જ ભગવાનની મોટાઈને પામી શકે છે. આજ સુધીના ઈતિહાસમાં જે જે મોટા થયા અને ભગવાનને પામ્યા તે દરેક ભગવાન કે સત્પુરુષનાં વચનમાં રહીને જ મોટપ્પને પામ્યા છે. ગમે તેટલી સાધના કરે પણ સાચી સફળતા તો વચન પાળવામાં જ છે. ભગવાનની મરજી પ્રમાણે કરે તે બીજા સાધન આપો આપ થઈ જાય છે. વચનમાં અનંત સાધન રહેલાં છે.

વચન પ્રમાણે વર્તવું ઘણું વિકટ છે તેમાં આંતરિક અને બાહ્ય વિઘ્નોનો સામનો કરવો પડે છે અને વિપત્તિઓ સાથે ટકરાવું પડે છે.

મુમુક્ષુને વચન પ્રમાણે વર્તવામાં સૌ પ્રથમ આંતરિક પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. મનમાં સર્વે ઠરાવ, માન્યતા, આગ્રહ મૂકીને આજ્ઞા પાળવી પડે છે ભગવાન કે સંત મનગમતું ગમે તેવી ક્રિયા કરાવે ત્યારે પોતે મુંઝાઈ નહિ કે કચવાઈ નહિ અને પોતે રાજી થકો વચનમાં વર્તે. વચન પાળવામાં ક્યારેય પણ પોતામાં ગમે તેટલી બુદ્ધિ હોય છતાં તેમાં શંકા કુશંકા કે તર્ક વિતર્ક ન કરે અને આટલું જ વચન પાળવા યોગ્ય છે અને આટલું વચન પાળવા યોગ્ય નથી તેવું ડહાપણ ન કરે. તથા ભગવાન અને સંત તે બીજાના કહેવાથી મને આમ કરવાનું કહે છે તેવી ચતુરાઈ ન વાપરે. વચન પાળવામાં કોઈ ફરિયાદ કે પ્રશ્ન જ ન કરે. વચનમાં પોતાના દેહને ગમે તેવુ કષ્ટ પડે તેમાં દેહને ઘસી નાખે પણ તેની પરવા ન કરે. આળસ અને પ્રમાદનો ત્યાગ કરી વચન પાળવામાં તત્પર રહે.

વચન પાળવામાં ક્યારેય હલકી વાત કરે જ નહિ કે આટલું વચન મારાથી પળશે ને આટલું નહિ જ પળે. અને હંમેશા એમ જ ઉત્સાહ રહે જે ''ભગવાન તથા સંત જે જે વચન કહેશે તેમજ મારે કરવું છે. ગાફલાઈ રાખે જ નહિ. ભગવાન અને સંત જે કાંઈ આજ્ઞા કરે તેમાં અતિશય શ્રદ્ધા અને વિશ્વાસ હોય જે આ મારા હિત માટે જ કરે છે. મારા કલ્યાણને અર્થે જ કરે છે. પોતાના મન બુદ્ધિમાં મનાય અથવા ન મનાય છતાય મંડ્યો જ રહે.

તેમ જ બહાર ગમે તેટલી ઉપાધિ હોય, અથવા કોઈની મહોબતે કરીને, કોઈથી દબાઈને કે કુસંગના યોગે કરીને

પણ વચન પાળવામાં પાછો હઠે જ નહિ. આવી અનંત પ્રકારની મુશ્કેલીમાંથી બહાર નીકળે ત્યારે વચન પાળવામાં સફળતા મળે છે. અને તેમાં પણ ભગવાન તથા સત્પુરુષને વિષે અતિશય મહાત્મ્ય હોય અને કહેનારા પર અતિશય પ્રીતિ હોય તો ગમે તેવાં કઠણ વચન અથવા આજ્ઞા હોય તે સરળતાથી પાળે છે.

નિશ્ચય તથા મહાત્મ્ય માપવાનું જો કોઈ સાધન હોય તો તે વચન છે. જેટલાં વચન યથાર્થ પાળે તેટલો જ પરિપક્વ નિશ્ચય અને માહાત્મ્ય છે એમ જણાય છે.

એટલે શ્રીજી મહારાજ કહે છે કે ''જેને ભગવાનનો નિશ્ચય મહાત્મ્ય જ્ઞાને સહિત હોય તે ભગવાનનાં વચનમાં ફેર પાડે જ નહિ. જેમ કહે તેમ કરે.'' (વચનામૃત લોયા.૩)

હેત-પ્રીત માપવાનું સાધન પણ વચન જ છે.

''જેને પોતાના પ્રિયતમ જે ભગવાન તેને વિષે પ્રીતિ હોય તે પોતાના પ્રિયતમની મરજી લોપે જ નહિ.'' (કા.૧૧)

અને જે ભક્ત જેટલું વચન લોપે એટલા જ ભગવાન એનાથી દૂર રહે છે. જેટલી અનુવૃત્તિની દ્રઢતા હોય તેટલા જ ભગવાન તેની સમીપે રહે છે. મહારાજ પોતે કહે છે કે ''વચનમાં અમારો અખંડ વાસ છે.'' (હ.ચ.સા. ૬/૭૩/૨૦) અને વચનામૃતમાં પણ મહારાજ કહે છે કે ''પરમેશ્વરનાં વચનને મૂકીને જ્યારે આડો અવળો ડોલે છે ત્યારે ક્લેશને પામે છે અને જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે અને જેટલું જે ભગવાનનું વચન લોપે છે તેટલો તેને ક્લેશ થાય છે. (વચનામૃત. પ્ર.૩૪)

અને ભગવાનનાં વચન તો કોટ સમાન છે તેમાં કોઈ મુમુક્ષુને આંચ આવતી નથી. તેમાં એ હંમેશા સુરક્ષિત અને ભગવાનની સમીપે રહે છે. ભગવાનનું વચન માનીને ગમે તેટલું દૂર જવું પડે તો પણ ભગવાનની સમીપે છે અને ભગવાનની સમીપે છે પણ વચનમાં નથી તો લાખ ગાઉં ભગવાન કરતાં છેટો છે. જે વચનનો ભીડો સહી શકે તે જ નિર્ભયપણે સત્સંગમાં રહી શકે છે.

મહારાજ પોતે કહે છે કે વચનમાં વર્તવું તે તપોવન કરતા શ્રેષ્ઠ છે. (હ.ચ.સા.પુર-૮-તરંગ-૪) અને વચનામૃતમાં પણ કહે છે કે '' જેને પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય અને ગમે તેટલાં વચનના ભીડામાં લઈએ અને ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહ પર્યંત મુંઝાય નહિ, એવો હોય તે પાકો સત્સંગી છે. અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે. (વચનામૃત-પ્ર.૭૬)

નિષ્કુળાનંદ સ્વામી એવા ભક્ત માટે લખે છે.

જેમ મોરપત્ની બિંદુ આવતાં, રત્યે લિયે છે રસે ભરેલડા,<br>
તેનો મયૂર થાય તદવત, થાય પડતાં બિંદુના ઢેલડા,<br>
તેમ આવતાં વચન વાલાતણાં, ગ્રહી લીયે નર ગરજુ થઈ.<br>
તે પૂરણ પામે પ્રાપતિ, ફરી-ફેરવણી રહે નહિ. (સારસિદ્ધિ ૨૯/૮-૯)

ભક્ત જ્યારે ભગવાન તથા સત્પુરુષનાં વચન અધ્ધર ઝીલવાં મંડે છે ત્યારે તેના હૈયામાં આઠો પહોર આનંદ વર્ત્યા કરે છે અને ભગવાનની મસ્તીમાં મસ્ત થઈ જાય છે ત્યારે ભગવાન પોતાનું ભગવાનપણું ભુલી જઈ એવા ભક્તની પાછળ ફરે છે. જ્યાં ભક્ત હોય ત્યાં ભગવાનને આવવું જ પડે છે. એવા ભક્ત વિના તો ભગવાન પણ રહી શકતા નથી. અને એ ભક્તતો છતે દેહે જ બ્રહ્મરૂપ અને અક્ષરરૂપ થઈ રહ્યો છે. અને આવા ભક્તને તો મરીને અક્ષરધામમાં જવું એમ નથી, એ તો છતે દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. દેહ છતે જ તેને ધામ છે.

માટે આવી ભક્તિ કરવાની શક્તિ આપતું કોઈ પરિબળ હોય તો તે છે પરમેશ્વર અને તેને પામેલા જે સત્પુરુષ તેના પાળેલાં વચન.


## અંકના ગ્રાહક બનો અને બનાવો

## અંક વાંચો અને વંચાવો



# દંભનો માત્ર દશકો હોય છે જ્યારે સત્યની તો શતાબ્દી હોય છે !

સાધુ વિશ્વપ્રકાશદાસજી સ્વામી ગુરુ નિલકંઠચરણદાસજી સ્વામી

મંદિરમાં પ્રભુ પ્રતિષ્ઠા જેવો પ્રસંગ હોય ને સમગ્ર મંદિર દિવડાઓની સોમ્ય જ્યોતથી ઝળ હળતું હોય અથવા ગૃહસ્થને ત્યા માંગલીક પ્રસંગ હોય અને સમગ્ર મકાન રંગ બેરંગી રોશનીથી ઝગમગતું હોય ત્યારે પ્રકાશથી આંખો ક્ષણભર તરબતર થઈ જાય.

પણ સબૂર ! રોશની કે દીવડાનો એ પ્રકાશ માત્ર આંખોને ભરી શકે છે અને એય તે પ્રસંગ પૂરતો જ જ્યારે આ રોશનીથીય ચડિયાતો ઠરે તેવા પ્રેરક ટંકશાળી સદ્ વિચારોની વાત ન્યારી છે એ માત્ર આંખને જ નહિ અંતરનેય ઝળહળતુ કરી શકે છે અને તે પણ પ્રસંગ પર જ નહિ કાયમ માટે એટલે જ જાહેર સ્થાનો પર પ્રેરક સદ્ વિચારો આલેખવાની પ્રવૃતિ વિકસી હશે.

એક જાહેર દિવાલ પર મસ્ત અને આંખ—અંતરને અંજવાળી દે એવુ વાક્ય વાચ્યું કે દંભનો માત્ર દશકો હોય છે જ્યારે સચ્ચાઈની શતાબ્દી હોય છે

જરા વિચારીએ તો સમજી શકાય કે વ્યક્તિ દંભ એટલા માટે આચરતી હોય છે કે પોતાની ભીતરની વાત બહાર ન આવી જાય યાતો  પોતાની મલિન છબી પ્રગટ ન થઈ જાય. આ ન બને અને પોતાની ઉચ્ચ છબી ઉપસે એ માટે માનવી પેતરા રચતો હોય છે પણ ઉપરોક્ત વાક્ય  એમ કહે છે કે દંભની ઈમારત  જુઠાનાં સાવ કાચા પાયા પર રચાતી હોવાથી તે ઝાઝી ટકે નહિ. એથી દંભની ઈમારત દશકા સુધી ટકે જ્યારે સચ્ચાઈની સૌકા સુધી ટકે !!  હું તો એથી ય આગળ કહુ કે દંભની આ આવરદા ત્યાં અનુપ્રાસને અનુસરીને અપાઈ હશે ? બાકી તો ઘણી બધી વાર એવું ય નિહાળવા મળે કે દંભ દિવસ પણ પૂરો ટકી શક્તો નથી. કરવી છે આની પ્રતિતી  ! તો વાંચો રમુજ કથા.

દેશના સર્વોચ્ચ સત્તાધીશ સમ્રાટે એક વાર રાજધાનીથી થોડે દુર કુટિરમાં વસ્તા ફકીરને બે કલાક પોતાની સાથે ગાળવા આમંત્રણ આપ્યું. આટલું મોટુ માન મળવાથી ફકીર ખુશ ખુશાલ થઈ ગયા. સમ્રાટ પર પોતાનો પ્રભાવ પાથરવા એમનો ચોક્કસ ગણિત માંડી લીધું એ મુજબ જ્યારે મુલાકાત યોજાઈ ત્યારે ફકીરે પૂરો એક કલાક તો ખુદાની બંદગી કરવામાં લીધો એમની લાં...બી નમાજથી સમ્રાટ પ્રભાવિત થઈ ગયો. એ પછીના એક કલાકમાં વાર્તા લાપ અને ભોજન વિધિ થયો. ફકીરે ઈરાદાપૂર્વક અત્યંત અલ્પ ભોજન કર્યું સમ્રાટની વિદાય લઈને ફકીર કુટીરે પહોંચ્યા ને તુરંત જ શિષ્યોને કહ્યું જલ્દી ભોજનનો પ્રબંધ કરો. આજે તો કકડીને ભૂખ લાગી છે. શિષ્યોએ વિસ્મયથી પૂછ્યું કેમ ? સમ્રાટને ત્યાં ભોજન ન હતું. હતું તો ખરુ પણ આજે સમ્રાટ પર છાપ ઉપસાવવા ટૂકંમાં જ પતાવ્યું. ભોજન હવે ફરી કરવું પડશે. બરાબર એ જ ક્ષણે કોઈ અગત્યની વાત કરવા ઉમળકાથી દોડી સમ્રાટે કુટિરમાં પ્રવેશતા જ આ શબ્દો સાંભળ્યા અને સ્તબ્ધ થઈ ગયા કે આવો દંભ ? વળતી જ ક્ષણે સમ્રાટે માર્મિક શબ્દો ઉચ્ચાર્યા કે તો પછી નમાજ પણ આપ ફરી વાર કરીલેજો કેમ પેલી લાંબી નમાજ પણ મારા પર છાપ ઉપસાવવા જ બોલાઈ હશે. ફકીર સાવ ફીક્કા પડી ગયા. દંભ આવો તકલાદી તો  છે જ ઉપરાંત અનેક વિવિધ વિચિત્રતા ઓનો ભંડાર પણ છે. સાપને જેમ બે જીભ હોય છે. એમ દંભી વ્યક્તિને બે જીભ હોય છે. ઉપરથી એ ક્રાંઈક જુદુ બોલે ને અંદરથી કાંઈ જુદું બોલે છે. આપણે માટે આપણી હાજરીમાં જુદુબોલે ને ગેર હાજરીમાં જદું બોલે ! આ સંદર્ભ માં કવિએ સુંદર મજાની પંક્તિ લખી છે કે,

**''મુખ મીઠો જુઠે. મનેજી કુડક પટનો રે કોટ, જીભ તો જીજી કરે જી ચિતમાંહિ તાકે ચોટ.''**

સચ્ચાઈનો આ પ્રભાવ છે કે એ સામી વ્યક્તિના દિલમાં  આવુ મજાનું સ્થાન અપાવી દે અને હા આલેખના પ્રારંભમાં ટાકેલ વાક્યતો એમ કહે છે કે સચ્ચાઈનો એ પ્રભાવ તે સમય પુરતો જ નહિ પરંતુ શતાબ્દી સુધી વિસ્તરી શકે છે. આપણે એ સમજીને દંભથી દુર રહિયે અને એ માટે યાદ રાખીએ પેલી પંક્તિ છળ, પ્રપંચ, જુઠનાં વ્યણહાર એ બધુ  ધીમુ ઝેર છે

એ ઝેર તારા શ્વાસમાં ઘુટાય એ સારૂ નથી.



# વિવેક

લેખક - સાધુ. સત્સંગવલ્લભદાસ, ગુરુવર્ય : પ.પૂ.શાસ્ત્રીજી સ્વામી (ચેરમેન શ્રી વડતાલ ટેમ્પલ બોર્ડ )

આધ્યાત્મિક અને વ્યાવહારિક જીવન વિકાસની વેલીઓ વિવેકવૃક્ષ સાથે વિટળાયેલી હોય છે. સત્યની અનેક શાખાઓમાં વિવેક પણ આગવું સ્થાન મળેલું છે. સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી અનેક સદ્‌ગુણોના નિધિહતા. તેમનું જીવન પહાડ પરથી વહેતા ઝરણા જેવું નિર્મળ હતું. દાસત્વભક્તિના આચાર્ય સાથે સાથે વિવેકાચાર્ય પણ હતા. શ્રીજી મહારાજ જ્યારે સખા ભક્તો સાથે આનંદ કિલ્લોલ કરતા હોય અને મુક્તમુનિના આગમનના સમાચાર સાંભળે કે તરત જ શાંત થઈ જતા, સ્વામીનું માન જાળવતા. સ્વામીનું જીવન વિવેકની પાઠશાળા જેવું ઉપદેશક હતું. સજ્જતાનું પ્રમાણપત્ર વિવેક છે. મક્કમ મન અને વિવેકબુદ્ધિનો માણસ સમાજ માટે દિવાદાંડી બને છે. વિવેકપૂર્ણ વર્તન એજ સાચુ વશીકરણ છે. સમુદ્ર કદાચ પ્રલયકાળે પોતાની મર્યાદા તોડતો હશે પરંતુ વિવેકી, જીવનમાં આવતા કપરા સંજોગામાં પણ ક્યારેય વિવેક -મર્યાદા તોડતો નથી. ''સત્યાસત્યનું જ્ઞાન એટલે વિવેક'' વિવેક વિના અધ્યાત્મ હોય કે વ્યવહાર બને વ્યર્થ છે. સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીનું જીવન અને તેમના દ્વારા રચાયેલા ''વિવેક-ચિંતામણી'' ગ્રંથ દ્વારા વિવેક વિશે થોડું જાણવા પ્રયત્ન કરીશું. સ્વામી કહે છે.

દોહા- विना विवेक संसार सब, भव भटकत मतिमंद ।

सार असार विवेकजेही, सोई साधु जगवंद ॥

''અનેક સત્યનો સમુહ એટલે વિવેક'' ભગવાન, સંત, સેવા, ભક્તિ, દાન, પુણ્ય, ધર્મ, પરોપકારાદિ સત્યના સમુહને વિવેક કહી શકાય. એક જ વાતને પકડી રાખનાર ને સ્વામી મતિમંદ સંજ્ઞા આપે છે. શાસ્ત્રોના પઠનદ્વારા જાણવા મળે છે કે ઋષિમુનિઓએ વિવેકને દશમોનિધિ ગણાવ્યો છે. સત્યાસત્યના જ્ઞાનબાદ સત્યાચરણ તે વિવેક. સંસાર નાશવંત છે, દેહ તુચ્છ છે, સગાસંબંધી એ સર્વસ્વાર્થના સંબંધી છે. જો મૃત્યુબાદ મૃતદેહ સોનું બની જાય તો તે આત્મવિધિને પણ ન પામે આમ, સર્વ તુચ્છ છે, સગાસંબંધીએ સર્વ સ્વાર્થના સંબંધી છે. જો મૃત્યુબાદ મૃતદેહ સોનું બની જાય તો તે અંતિમવિધિને પણ ન પામે આમ, સર્વે સ્વાર્થ દર્શન થાય છે. આવા સ્વાર્થને લોકો સ્નેહ સંબંધી માની પ્રદર્શન કરતા હોય છે. પંચવિષય સંબધી સર્વ સુખ નાશવંત છે, મોહ છે, મોહાન્ધ થયેલ વ્યક્તિઓ દેહ સંબંધી સુખથી આનંદ પામતા હોય છે. સ્વામી તેમને જડ કહીને સંબોધે છે ભગવાન સંબંધી જ્ઞાન, ભક્તિ સત્ય છે. ભગવાન સંબંધી સુખ અખુટ અખંડ છે. આવુ જ્ઞાન વિવેકીને હોય છે. અન્યને નહિ. વિવેકી હંમેશા સત્યનો ગ્રાહક હોય છે. મુક્તાનંદ સ્વામી પોતાના જીવન દ્વારા એક સર્વગ્રાહી ચિત્ર રજૂ કરે છે. લોજપૂરમાં હજુ બે ત્રણ દિવસ પહેલા જ આવેલા નિલકંઠવર્ણિએ દિવાલમાં દેખાતું કાણું એ ધર્મમાં કાણું છે. એમ કહીને તેને બંધ કરવાની વાત કરી અને તે બ્રહ્મચર્યાના હિમાયતી વિવેકાચાર્ય એ વાતને માન્ય રાખી, આમ વિવેકી સત્યને જ મેર સમજતો હોય છે. સ્વામી કહે છે....

चोपाई

मनके घाट संगनहि जाना, श्री गुरुवचन अचल ठिकाना ।

प्राण गये ना तजना सोइ, विमल विवेक करो शुद्ध होइ ॥

મન ચંચલ છે. તેના ઘાટ ભેગા ન ભળવું એ પણ એક વિવેક. યુગોથી વિષયો ભોગવતું મન સારા - નરશા ઘાટ સંકલ્પો કર્યા જ કરે છે તેને શાંત કરવું ઘણું કઠણ છે. પરંતુ વિવેકી વ્યક્તિ તેની સામે ધમાસામ યુદ્ધ આદરે છે. ખોટા સંકલ્પોને દબાવી સત્ય તરફ ગતિ આપે છે. સદ્‌ગુરુના વચનમાં વિશ્વાસ રાખીને જે વર્તે તેઓ ચોક્કસ મન સામે વિજયની ધજાઓ ફરકાવે છે. મનના ખોટા ઘાટ-સંકલ્પને ટાળવાનો ઉપાય પણ મુક્તમુનિનું જીવન છે. શ્રીજીવચનામૃતમાં કહે છે. કે ''ઘાટ ટાળવા માટે મુક્તમુનિ જેવા મોટા સંતને યાદ કરવા તો ઘાટની નીવૃત્તિ થાય.'' (લો-૬) આમ, તે વિવેકાચાર્ય (મુક્તમુનિ)નું જીવન સોનાના દોરા જેવું હતું. મહાનકાર્ય કરવા એ મેથીની ભાજી ઉગાડવા જેવું નહિ પરંતુ વટવૃક્ષ ઉછેરવા જેવું છે. વટવૃક્ષ વિકસતા વર્ષો લાગે પરંતુ પછીના સૈકાઓ સુધી છાયડો આપે છે. મહાનકાર્યમાં નિમિત થવા ઈચ્છનાર વ્યક્તિઓ પાસે અમાપ વિવેક હોવો જોઈએ. ધીરગંભીર અને બુદ્ધિનિષ્ઠ વિવેકીઓજ સમાજને સાચુ નેતૃત્વ પુરુ પાડી શકે.

વિવેકી વ્યક્તિ ગુણગ્રાહી હોય છે. સર્વમાંથી ગુણગ્રહણ કરે છે. (ગ.પ્ર-૬-૧૬) પોતની નિંદા કરનારનો પણ તે ગુણ ગ્રહણ કરે છે તેની મુક્તકંઠે પ્રશંશા કરે છે. નિર્ધારીત વ્યક્તિઓનો ગુણ ગ્રહણ મહિમા એ રાજકારણનો ભાગ ગણી શકાય. સ્વામી આગળ જણાવે છે કે....

चोपाइ : सत् असत् विष सुधा, मदिरो गंगा तोय ।

मुक्त कहे सबनके पृथक गुन, कहे एक क्युं होय ॥

વિવેકહીન વ્યક્તિ ફક્ત પગથી જ ચાલે છે. માથુ નમી ચાલતું માત્ર પગથી ચાલે તે પશુ ગણાય.પગ અને માથુ બંનેને ચાલે તે સુજ્ઞ, વિવેકી. અહીં વિવેકને સ્થાયી ગુણ દર્શાવ્યો છે. તે રાતો-રાત આવતો પણ નથી. અને રાતો રાત જતો પણ નથી. જયા-ત્યાં દોટ મૂકે તે વિવેકો ન કહેવાય. ઉપરોક્ત પંક્તિમાં નિરક્ષીર ન્યાય દર્શાવવામાં આવ્યો છે. શ્રીહરિ અને અન્ય અવતાર વચ્ચેનો ભેદ, સાચાસંત અને અન્ય બાવા વચ્ચેનો ભેદ મદિરા અને ગંગાજળ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરે તેજ પથદર્શક બની શકે છે. જે વિવેકી છે તે ક્યારેય અસત્ય સામે મુખ નથી મલકાવતો. ઉજળાકામો કરવામાં જ તેને આનંદ આવતો હોય છે. મેલાકાર્યના સંકલ્પ પણ નથી કરતો. કોઈને ઠેસ લાગે તેવા વર્તન કે વાચાનો ઉપયોગ નથી કરતો.

વિવેક સત્યના કળશ ચઢાવવા રાત-દિવસ જજુમે છે. સ્વામી સંત સમાગમનો વિવેક જણાવતા આગળ કહે છે કે...

चोपाइ : संत संगतमें कटे निजपापा, संत मिटावे सब भवतापा ।

ताते पाप न रखना गोइ, विवेक विमल केरो शुद्ध होय ॥

સાચા સંતોના સમાગમ, દર્શન, સ્પર્શથી જ સર્વ પાપો નાશ પામે છે. સાચા સંતો આધી, વ્યાધિ ઉપાધી ત્રણેય તાપોને હરે છે.

મુમુક્ષુ સાધકની ફરજ બતાવતા સ્વામી કહે છે સાધક સંત આગળ નિષ્કપટ રહે તેમની આગળ પોતાના તમામ દોષોની રજુઆત કરે તેમની પાસે સારા દેખાવાની આશાનો ત્યાગ કરી પોતાના મનના મેલા ચિત્રને રજુ કરે પેટ નહિ પણ પ્લેટના શણગારને જોઈને જમતા આ જમાનામાં સારા થવા કરતા સારા દેખાવાની આદત પડી ગઈ છે. દૂધ વિનાની ગાયને ગળે ઘંટડીઓ બાંધીને પણ વેચી શકાતી નથી આમ, સાધુ તો એવી સુંદરતા કરતા આંતરિક પવિત્રતા વધારે પસંદ કરતા હોય છે. જેમ બાળકનો મળ માતા સાફ કરે છે, ડૉક્ટર જેમ દર્દીનું દર્દ દૂર કરે છે તેવી જ રીતે સંતો નિષ્કપટ ભક્તના દોષોને મુળમાંથી દુર કરે છે. સંતો આગળ દંભના લાગણીનો ત્યાગ કરીને જવાની રજુઆત કરી છે. સ્વામી આગળ જણાવે છે.

चोपाइ- एहि विध सार - असारको, मुनिवर कहत विवेक ।

मुक्त कहे मति मंदसो, सबकु मानत एक ॥

સાર-અસારનો વિવેક જાણ્યા વિના કરતા વ્રતો-નિયમો વાસનાને કુંઠિત નહિ તીવ્ર કરતા હોય છે. રસાસ્વાદને જીતવા માટે કરવામાં આવતા કઠણ તપોમાં જો વિવેકની ગેરહાજરી હોય તો તેજ વ્રતો રસાસ્વાદના શ્રીગણેશ કરતા હોય છે. ''શ્રાવણ મહિનાના એક ટાણા ને રાત્રે શેક્યા શીંગદાણા'' જેવી લોક કહેવતો યાદ રાખવા જેવી ખરી.

પ્રસાદમાં પણ જો પ્રમાણનનું વિવેક જળવાય તો તે પ્રસાદ પ્રસન્નતા બક્ષે છે. નહિંતર ઉદરના રોગો.

કાનથી નહિ પણ ધ્યાનથી સાંભળવું એ વિવેક, દેહ આત્માનો વિવેક, સાધુ -અસાધુનો વિવેક, વાણી-વિવેક, સંગ વિચાર-વર્તન વિવેકાદિક અનેક સૂક્ષ્મ બાબતોનો સમાવેશ થતો હોય છે. જ્યાં વિવેક પૂંજ હોય ત્યાંથી જ સદ્‌ગુણોની મહેક આવે છે, ત્યાં વ્યક્તિ ખેચાય છે. શાંતિ મેળવે છે. આમ વિવેકી આત્મવિકાસને ઝંખે છે. અને તેઓને પ્રદર્શનમાં નહિ પણ જીવનના સાચા દર્શનમાં રસહોય છે. અંતે સ્વામી કહે છે જે વ્યક્તિ સાર-અસાર એક માણે છે. તેઓ માનવ જન્મ ચુક્યા છે...

**ગ્રાહકો માટે ખાસ નોંધ**

શ્રી વડતાલધામ સત્સંગ માસિકના જે ગ્રાહકોના સરનામા બદલાયા હોય અથવા બદલવાના હોય તેમણે જે તે સમયે માસિક કાર્યાલય પર રૂબરુ,પત્ર અથવા ફોન પર સંપર્ક કરી દર મહિનાની તા-૩૦ સુધીમાં ગ્રાહક નંબર જણાવી સુધારો કરાવવો. જે ગ્રાહકોનું વાર્ષિક લવાજમ પુરુ થતું હોય તેમણે આગળના અંક મેળવવા માટે સત્વરે લવાજમ ભરી દેવું.

શ્રી અથાણાવાળા સ્વામી સ્મૃતિ મહોત્સવનું લાઇવ પ્રસારણ કરવામાં આવશે. www.vadtalmandir.org, www.neelkanthvarni.com

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

તીર્થરાજ વડતાલધામને આંગણે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજના અધ્યક્ષ સ્થાને

પ.પૂ.સદ્. શ્રી પુજારી કૃષ્ણજીવનદાસજી ( અથાણાવાળા સ્વામી )



શ્રી હરિકૃષ્ણ મહારાજ
વડતાલધામ

# સ્મૃતિ મહોત્સવ

વડતાલ-૨૦૧૧



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ



પ.પૂ.સદ્. પુજારી શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી

## શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

તા. ૪ થી ૧૦ નવેમ્બર, ૨૦૧૧

વક્તાશ્રી :- શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસ તથા
સંપ્રદાયના મૂર્ધન્ય સંતો દરરોજ કથાનો લાભ આપશે

કથા સમય :- સવારે :- ૮-૩૦ થી ૧૧-૩૦ કલાકે, બપોરે :- ૩-૦૦ થી ૬-૦૦ કલાકે

આયોજક :- પ.પૂ.સ.ગુ. શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)

કથા સ્થળ :- ગોપાળાનંદ સ્વામી ભુવન, નવી ધર્મશાળા - વડતાલ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ફરેણી પધારજ્યો... મહોત્સવ દિપાવજ્યો...

શ્રી સહજાનંદ સંસ્કાર ધામ મહામંત્રપીઠ - ફરેણી આયોજીત

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

# શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય આંતરરાષ્ટ્રિય મહોત્સવ

## તા. ૧૯ થી ૨૫ ડિસેમ્બર - ૨૦૧૧





પ.પૂ. આચાર્ય મહારાજશ્રી







ગુરુવર્ય શ્રી પૂ. જોગીસ્વામી



:: ભવ્ય પ્રદર્શન ::
તા. ૧૭ થી ૨૫
ડિસે. ૨૦૧૧



વકતા : શાસ્ત્રીસ્વામી શ્રી બાલકૃષ્ણદાસજી-ફરેણી



વકતા : શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી-કંડારી

રામાનંદસ્વામી
ચરિત્ર દર્શનમ્
(ભવ્ય પ્રદર્શન)

મહોત્સવ અંતર્ગત હરિવાક્ય સુધાસિંધુ (વચનામૃત) સપ્તાહ જ્ઞાનયજ્ઞ તેમજ અનેકવિધ દિવ્ય આયોજનો અને સાંસ્કૃતિક કાર્યક્રમો

મહોત્સવનું લાઇવ પ્રસારણ સંસ્કાર ચેનલમાં સમય : બપોરે ૨:૦૦ થી ૭:૦૦ અને www.farenidham.org/www.theswaminarayan.org ઉપર કરવામાં આવશે.

મું. ફરેણી (સ્વામિનારાયણ) ૩૬૦૩૭૦, ફુલવાડી, તા. ધોરાજી, જિ. રાજકોટ (ગુજરાત) ફોન (૦૨૮૨૪) ૨૮૩૩૮૩, ૨૮૩૧૦૮

